ગાંધીનગર સમાચાર

# રાષ્ટ્રીય ધોરીમાર્ગો પરના ટોલ નાબુદી મામલે અરવલ્લીના માર્ગો પર હજારો ટ્રકોના પૈડા થંભી ગયા

મોડાસા, તા. ૧

રાજયના અને રાષ્ટ્રીય ધોરીમાર્ગ પરના ટોલબુથ ખસેડી લઈને ટોલ નાબુદ કરીને



ટ્રાન્સપોર્ટસના સમયનો અને ડીઝલનો અબજો રૂપિયાનો વ્યય અટકાવવાની અને ટ્રાન્સપોર્ટસના પેમેન્ટ પર બે ટકા કરકપાત ટેક્સ ડીડકશન એટ સોર્સ કરવાની માગણી સાથે દેશભરના ટ્રક ટ્રાન્સપોર્ટસ દ્વારા અપાયેલી અચોક્કસ મુદત પર ઉતરતા ગુરૂવારે સવારથી જ અરવલ્લી જિલ્લાના માર્ગો પર અને અનેક સ્થળોએ જિલ્લાના માર્ગો પરથી પસાર થતા ટ્રકોના પૈડા થંભી ગયા હતા. ટ્રક અને ભારે માલવાહક વાહનોની અવર-જવર અટકી જતાં જિલ્લાના માર્ગો જાણે સૂમસામ બની ગયા હોય તેવુ લાગતું હતું.

રાષ્ટ્રીય અને રાજયના ધોરીમાર્ગ પર ટોલબૂથ મુકીને વાહનોને રોકીને ૨૭૦૦૦ કરોડના માનવ દિનનો અને ૪૦૦૦ કરોડના ઈંધણનો ધૂમાડો કરાવતી ટોલબુથ દૂર કરવાની માંગણી સાથે અને ૧ જુલાઈથી ૨.૧ લાગુ કરેલો ટીડીએસ નાબુદ કરવાની માંગ સાથે ટ્રક ટ્રાન્સપોર્ટસની અચોક્કસ હળતાળના પગલે અરવલ્લી જિલ્લામાંથી દિલ્હી-મુંબઈ જતા ભારે વાહનો અને ટ્રક ચાલકો પૈડા થોભાવી દેતા જિલ્લામાં ઠેર ઠેર માર્ગો પર અને ટ્રક ચાલકોને જ્યાં જગ્યા મળી ત્યાં વ્યવસ્થિત ટ્રક પાર્ક કરી આરામ ફરમાવતા નજરે ચડતા હતા. અરવલ્લી જિલ્લાના માર્ગો પર ગુરૂવારે સવારથી ટ્રકો અને ભારે વાહનો હડતાલના પગલે અદ્રશ્ય થતા માર્ગો સૂમસામ ભાસતા હતા.

અરવલ્લી જિલ્લાના મોડાસા અને ટીંટોઈ ગામમાં ગુજરાત રાજ્યમાં સૌથી વધારે ટ્રકો ધરાવતા અને ટ્રાન્સપોર્ટસના વ્યવસાય સાથે જોડાયેલા માલીકોએ હડતાલને સંપૂર્ણ ટેકો જાહેર કરી હડતાલના પગલે માલ-સામાનનો સપ્લાય કરી બુધવારે સાંજથી જ ટ્રકો પરત બોલાવી લીધી હતી અને શહેરના કોમન પ્લોટ અને યોગ્ય જગ્યાએ ટ્રકો ગોઠવી દીધી હતી. ટીંટોઈ ગામના ઈસ્માઈલભાઈના જણાવ્યા અનુસાર ડીઝલના ભાવોમાં વધઘટ અને મંદીના માહોલ વચ્ચે ટ્રકોનું સંચાલન કરવું ખુબજ કઠીન બની રહ્યું છે. ત્યારે ભારત સરકાર દ્વારા ટ્રક માલિકોના ધંધા પર પડતા પર પાટુ મારતા હોય તેમ પહેલી જુલાઈથી લાગુ કરેલા બે ટકા ટીડીએસથી ધંધારોજગાર પડી ભાગ્યા છે. અને સરકાર દ્વારા શરૂ કરાયેલી ઈપેલીંગ વ્યવસ્થા પણ નિષ્ફળ નીવડતાં ન છૂટકે ટ્રક ટ્રાન્સપોર્ટસ દ્વારા હડતાલનો માર્ગ અપનાવવો પડ્યો છે.

## વરસાદ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

ચોમાસામાં માત્ર ૨૦ દિવસ જ વરસાદ નોંધાયો છે. જુલાઈના બીજા રાઉન્ડમાં જિલ્લામાં સાર્વત્રિક સારો વરસાદ ૨૨થી ૨૯ જુલાઈ દરમ્યાન નોંધાયો હતો. જેમાં ૨૭ જુલાઈ, ૨૮ જુલાઈ અને ૨૯ જુલાઈ દરમ્યાન સાર્વત્રિક વરસાદ ચાર ઈંચ જેટલો નોંધાયો હતો.

બીજા રાઉન્ડમાં થયેલા અતિભારે વરસાદને કારણે માલ મિલ્કતોને પણ રૂ. ૫ કરોડથી વધુ નુકશાન થવા પામ્યું છે.

આ ઉપરાંત જિલ્લામાં શહેરી વિસ્તારમાં થયેલા નુકશાનનું વળતર હજુ પણ તંત્ર દ્વારા ગ્રાન્ટના અભાવે ચુકવવામાં આવ્યું નથી. ગાંધીનગર જિલ્લામાં ૨૮ ટકા વરસાદની ઘટની સાથે સાથે ખેતીક્ષેત્રે પણ વાવેતર વિસ્તાર ઘટવા પામ્યો છે અને તેની વિપરીત અસરો આગામી દિવસોમાં જિલ્લાના અર્થતંત્ર પર પડશે તેમ મનાઈ રહ્યું છે.

જિલ્લામાં વરસાદની બદલાયેલી પેટર્ન અને વરસાદની ઘટ તેમજ વરસાદના ઘટેલા દિવસો એ સૌના દિલમાં ચિંતા જગાવી છે.

## ટ્રીમીંગ કરાશે

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

છવાયેલો જોવા મળે છે. આવા સંજોગોમાં નવરાત્રી તેમજ દિવાળી જેવા પર્વ નજીકમાં છે. ત્યારે વૃક્ષોનુ સમયસર ટ્રીમીંગ થાય તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે. વન વિભાગ દ્વારા વૃક્ષોનુ ટ્રીમીંગ કરવાનુ કામ હાથ ધરવામાં આવ્યુ હતુ. પરંતુ મુખ્ય માર્ગો પર કેટલાક ઠેકાણે ટ્રીમીગ કરાયા બાદ કામ ઠપ્પ થઈ ગયુ હતુ. બીજીતરફ કોર્પોરેશનનુ ટ્રીમીગ મશીન પણ ખોટવાતા શહેરમાં ટ્રીમીંગની કામગીરી અટવાઈ હતી. જો કે સુત્રોના જણાંવ્યા મુજબ આગામી ૧૫ દિવસમાં ટ્રીમીંગનુ કામ પુર્ણ કરી દેવાશે.

## યુ.પી.માં લોધા યુવકની હત્યા સામે અખિલેશ યાદવના પુતળાનું દહન

ડીસા, તા. ૧

ઉત્તરપ્રદેશના ઉન્નવમાં લોધા સમાજના યુવકની ક્રૂર હત્યા સામે ડીસામાં અવંતિબેન લોધી મહાસભા ગુજરાત શાખા દ્વારા યુપીના મુખ્યમંત્રી અખિલેશ યાદવના પુતળાનું દહન કરવામાં આવ્યું હતું.

ઉત્તર પ્રદેશના ઉન્નવમાં આદિત્ય લોધા નામના યુવકની પપ્પુ યાદવ દ્વારા ઘાતકીપૂર્વક હત્યા કરવામાં આવી હતી. જેના વિરોધમાં અવંતીબેન લોધી મહાસભા ગુજરાતના પ્રમુખ પ્રવિણભાઈ કિશોરભાઈ લોધાના અધ્યક્ષસ્થાને ડીસા ખાતે યુ.પી.ના મુખ્યમંત્રી અખિલેશ યાદવના પૂતળાનું દહન કરાયું હતું. જેમાં લોધા સમાજના યુવકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## દેહગામડા ગામે સાસરીયાઓએ પુત્રવધૂને જીવતી સળગાવી દેતા ચકચાર

શામળાજી, તા. ૧

અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના દહેગામડાની પરિણીતાને દહેજ ભુખ્યા પતિએ અને સાસરીયાવાળા દ્વારા વારંવાર માનસીક ત્રાસ આપી મંગળવારે સવારે સેતાન બનેલા પતિએ તેની પત્નિને કેરોસીન છાંટી જીવતી સળગાવી દેતા મહિલા શરીરે ગંભીર રીતે દાઝી જતાં તેને હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાઈ હતી. જ્યાં મહિલાએ સારવાર દરમિયાન દમ તોડ્યો હતો. આ ઘટનાથી ભિલોડા તાલુકામાં હાહાકાર મચી ગયો હતો. મૃતક મહિલાના પિતાએ શામળાજી પોલીસ સ્ટેશનમાં મહિલાના પતિ, સાસુ અને સસરા વિરૂદ્ધ હત્યાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુન્હો નોંધી ત્રણેયને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

મહેસાણા જિલ્લાના ખેરાલુ તાલુકાના દેદાસણ ગામના ચંપકસીંહ મગનસીંહ પરમારની દિકરી સુરજબાના લગ્ન ૧૨ વર્ષ અગાઉ ભિલોડા તાલુકાના શામળાજી નજીક આવેલા દહેગામડાના અજીતસીંહ કરણસીંહ સાથે સમાજના રિતરિવાજ મજુબ લગ્ન કરાયા હતા. દહેજ ભુખ્યા સાસરિયાઓ દ્વારા વારંવાર મૃતક મહિલાને દહેજ અંગે મ્હેણા-ટોણા મારી શારીરીક ત્રાસ આપવામાં આવતો હતો. મૃતક મહિલાના પતિ સાસુ અને સસરા દ્વારા તારા બાપે કરીયાવરમાં કંઈ જ આપ્યુ નથી તો તારે જો સુખેથી સંસાર ચલાવવો હોય તો તારા બાપાના ઘરેથી રૂપિયા લઈ આવવા દબાણ કરી માનસીક અને સારીરીક ત્રાસ આપવામાં આવતો હતો. મંગળવારે સવારે ૧૧ વાગે સુરજબાના પતિ અજીતસીંહ કરણસિંહ જાડેજાએ સુરજબા પર કેરોસીન છાંટી સળગાવી દીધી હતી. જેમાં તે ગંભીર રીતે દાઝી જતાં સારવાર અર્થે શામળાજી રેફરલ હોસ્પિટલ બાદ વધુ સારવાર અર્થે હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડાઈ હતી. જ્યાં મોડી રાત્રે મહિલાનું મોત નિપજતાં ઘટનાની જાણ સુરજબાના પિતા ચંપકસીંહ મગનસીંહ પરમારને થતા તાબડતોડ હિંમતનગર પહોંચી ગયા હતા. પોતાની દીકરીના મોત અંગે શામળાજી પોલીસ સ્ટેશનમાં સાસરીયા વિરૂદ્ધ આઈપીસી કલમ ૩૦૭, ૪૯૮(ક), ૫૦૪ અને કલમ ૩૦૨ દાખલ કરી હત્યા કરનાર પતિ-પતિને ઉશ્કેરનારને ઝડપી પાડવા કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## અમર વારસો (ચોથા પાનાનું ચાલુ...)

પડેલા હતા. એમણે યુધિષ્ઠિરને પાસે બોલાવ્યા. યુધિષ્ઠિર રડવા લાગ્યા, 'અરેરે! તુચ્છ રાજય માટે અમે પિતામહની આ દશા કરી નાખી.' એને પોતાને માટે તિરસ્કાર થયો. પિતામહે એને કહ્યું, 'ભાઈ! સંતાપ ન કર. ધર્મયુદ્ધ દ્વારા અધર્મીનો નાશ કરવો, એ તો ક્ષત્રિયનો ધર્મ છે. યુદ્ધમાં સ્વજનો જોવાતા નથી. પક્ષ જોવાય છે - અધર્મનો પક્ષય હું અધર્મના પક્ષે હતો, તેથી મારો નાશ ઉચિત જ છે. કર્મ કોઈને પણ ન છોડે. મેં ધર્મનો પક્ષ લીધો, એટલે તો અઠ્ઠાવન દિવસથી બાણશય્યા પર છું. તે યોગ્ય જ કર્યું છે. શોક છોડીને શાંત થઈ જા.' યુધિષ્ઠિરને શાંતિનો અનુભવ થયો.

તેમ છતાં પ્રશ્ન તો ઊભો છે જ. યુદ્ધ ધર્મયુદ્ધ હોય એટલે, વિનાશલીલા ન પાથરે ? અધર્મને પક્ષે હોય એથી, સ્વજન થોડા મટી જાય? યુદ્ધ એ યુદ્ધ જ છે અને સ્વજન છે એ સ્વજન.


**ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ,**
**પર્યાવરણ ભવન, સેક્ટર-૧૦-એ, વડી કચેરી, ગાંધીનગર**

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા વડી કચેરી ગાંધીનગર ખાતે કચેરીના ઉપયોગ અર્થે ભાડેથી ફોટોકોપી (ઝેરોક્ષ)ની કામગીરી માટે રસ ધરાવતા બીડર્સ પાસેથી સભ્ય સચિવશ્રી, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા ટેન્ડર આમંત્રિત કરવામાં આવે છે. રસ ધરાવતા અરજદારોએ બોર્ડની વડી કચેરી, ગાંધીનગર ખાતેથી ટેન્ડર ફોર્મ નીચેની વિગતો મેળવી નિયત સમય મર્યાદામાં આર.પી.એ.ડી. પોસ્ટથી તથા રૂબરૂમાં કચેરીને મળી જાય તે રીતે પહોંચાડવાના રહેશે.

(૧) ટેન્ડર ફોર્મ ફી રૂ. ૫૦૦/- (નોન રીફંડેબલ)
(૨) ટેન્ડર મેળવવાનો સમયગાળો : તા. ૫/૧૦/૨૦૧૫થી તા. ૧૭/૧૦/૨૦૧૫ (સાંજના ૫.૦૦ કલાક સુધી)
(૩) ટેન્ડર ભરીને પરત પહોંચાડવાની તા. ૨૧/૧૦/૨૦૧૫ના રોજ ૩.૦૦ સુધી
(૪) ટેન્ડર ખોલવાની તા. ૨૯/૧૦/૨૦૧૫ બપોરના ૧૬.૦૦ કલાકે

ટેન્ડર ભરનાર એજન્સીના પ્રતિનિધિને અચુકપણે હાજર રહેવા જણાવવામાં આવે છે.

**સ્થળ : ગાંધીનગર** **હાર્દિક શાહ**
**તા. :** **સભ્ય સચિવ**
માહિતી/૧૬૨૦/૨૦૧૫-૧૬



**કાર્યપાલક ઈજનેર અરવલ્લી પંચાયત મા.મ. વિભાગ, મોડાસા**
**જાહેર નિવિદા નં. ૧૩/૨૦૧૫-૨૦૧૬નો સુધારો-૭**
કામ નં. ૨ થી ૬ અને ૮

સંદેશ વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ થયેલ ઉક્ત નિવિદામાં નીચે મુજબનો સુધારો કરવામાં આવેલ છે.

| | |
|---|---|
| ઓનલાઈન અપલોડ કરવાની તારીખ | ૧૨-૧૦-૨૦૧૫ |
| ઈજારદારશ્રીઓએ ઓનલાઈન ડાઉનલોડ કરવાની તારીખ | ૨૦-૧૦-૨૦૧૫ |
| બાનાની રકમ ટેન્ડર ફી, બેંક સોલવંશી તથા અન્ય દસ્તાવેજ રજૂ કરવાની તારીખ | ૨૧-૧૦-૨૦૧૫થી ૨૭-૧૦-૨૦૧૫ |
| ટેકનીકલ બીડ/પ્રાઈસ બીડ ખોલવાનીતારીખ | ૨૧-૧૦-૨૦૧૫ |

વિગતવાર નિવિદા www.statetenders.com પર જોવા મળશે. તેમજ ઓનલાઈન ટેન્ડરો www.nprocure.com પરથી ડાઉનલોડ કરી શકાશે. અન્ય વિગતો મુળ નિવિદા મુજબ યથાવત રહેશે. જેની સંબંધકર્તાઓએ નોંધ લેવી.

**કાર્યપાલક ઈજનેર**
**સા.કાં. પંચાયત મા.મ. વિભાગ**
**હિંમતનગર**

**ક્રમાંક ના.મા.નિ./હિંમત/૩૫૯/૨૦૧૫**



## જાહેર નિવિદા

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરી માર્ગ પેટા વિભાગ, બ્લોક નં.-એ, પાટનગર યોજના ભવન, બીજા માળે, સેક્ટર-૧૬, ગાંધીનગર - ૩૮૨૦૧૬ (ફોન નં. ૨૩૨૨૩૮૫૯)ની કચેરી તરફથી નીચે જણાવેલ કામ માટે સીલબંધ ટેન્ડરો રજીસ્ટર પોસ્ટ એ.ડી. / સ્પીડ પોસ્ટ એ.ડી.થી માગવામાં આવે છે.

| અ. નં. | કામનું નામ | બાનાની રકમ | ટેન્ડરની ફી | રજીસ્ટ્રેશનની કક્ષા (શ્રેણી) | ટેન્ડરો ઈસ્યુ કરવાની છેલ્લી તારીખ / ટેન્ડરો સ્વીકારવાની છેલ્લી તારીખ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧. | ચીલોડા-ગાંધીનગર-સરખેજ રોડ રા.ધો.માર્ગ ૮-ક (૧૪૭)ના કી.મી. ૦/૦ થી ૪૪/૪૨ અને રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૬૮ રાધનપુર-કામલપુર -કાખલ-રોડા-દુનાવાડા- પાટણ - ચાણસ્મા - મહેસાણા - ખેરવા - ગોઝારીયા - સામા - -થુરાદા - કુવાદરા રોજ કિ.મી. ૪૨૬/૫૦૦ થી ૫૯૧/૫૮૫ ઉપર મરામતની કામગીરી માટેના ફક્ત મજુરીના તેમજ માલસામાન અને ફીક્સીંગ સહિતના કામની વિવિધ આઈટમોના વાર્ષિક ભાવો | ૫૦૦૦/- | ૬૦૦/- | રજી. કોન્ટ્રા. કે જે હોટમીક્ષ પ્લાન્ટ ધરાવતા હોવા જોઈ અને અ.ઈ.શ્રી યાંત્રિક મા. અને મ. વર્તુળ અમદાવાદનું હોટમીક્ષ પ્લાન્ટ ધરાવતા હોવાનું પ્રમાણપત્ર હોવું જોઈએ. | ૯/૧૦/૨૦૧૫ / ૧૭/૧૦/૨૦૧૫ |


આ કામની વિગતવાર નોટીસ અત્રેની કચેરીના નોટીસબોર્ડ પર મુકવામાં આવેલ છે. આ કામ અંગેની વધુ માહિતી કામકાજના દિવસો દરમિયાન ઉપરોક્ત કચેરીમાં રૂબરૂ મુલાકાત સાધવાથી મળી શકશે.

**માહિતી/૧૬૩૩/૨૦૧૫-૧૬**



# નશાબંધી અને આબકારી ખાતું, ગુજરાત રાજ્ય

## તા. ૦૨-૧૦-૨૦૧૫ થી તા. ૦૮-૧૦-૨૦૧૫ સુધી નશાબંધી સપ્તાહની ઉજવણી કરે છે.



**દારૂથી આત્માનો વિનાશ થાય છે. દારૂની પાછળ દીવાનાપણું, વ્યભિચાર, જુગાર વગેરે આવે છે. જો આપણે દારૂની બૂરી ટેવમાંથી પ્રજાને છોડાવી શકીએ તો તેને એક જેલમાંથી છોડાવ્યા બરાબર છે. દારૂની માણસને જરાય જરૂર નથી એ જગપ્રસિદ્ધ વાત છે. દારૂડિયાથી સંયમ ન જાળવી શકાય એ કોનાથી અજાણ્યું છે ? એટલે મારી ઉમેદ છે કે વિવેકથી, પશુબળ વાપર્યા સિવાય સમજણથી દારૂના વ્યસનમાંથી દારૂ પીનારાને છોડાવવાનો પ્રયત્ન દરેક માણસ કરે.**

**– મહાત્મા ગાંધી**

### સંદેશો

It is heartening to know that the Gujarat Government will be celebrating the 'Prohibition Week' from 2nd October, 2015 to 8th October, 2015.

2nd October is the auspicious birthday of Mahatma Gandhiji, the Father of the Nation and the worthy son of Gujarat. Nothing else could be a more worthy tribute to him than celebrating the 'Prohibition Week', both in letter and spirit across the State, the cause of which was very dear to his heart.

Mahatma Gandhiji, the apostle of non-violence and truth, was an ardent believer and staunch advocate of non-alcoholism. He sincerely believed that true adherence to non-alcoholism could be instrumental in enabling the poor and the down-trodden masses of the society to live a better life.

This is a time for all of us to rededicate ourselves to adhere to the policy of total prohibition and strengthen the Government's endeavours towards prohibition whole-heartedly.

I do hope that the celebration of the 'Prohibition Week' would spread Mahatma Gandhiji's message far and wide in inspiring and motivating the people to abstain from the intoxicating drinks.

**(O.P. Kohili)**
**Governor of Gujarat**

નશો નાશનું મૂળ અને દૂષણોનું દોજખ છે. આર્થિક પાયમાલી તરફનું પ્રથમ પગથિયું જ્યાંથી વ્યક્તિ શારીરિક અને માનસિક ગર્તામાં ધકેલાઈ સ્વ અને સ્વજનોના જીવનને બરબાદ કરે છે.

નશાની લતથી કે ગુટકા અને ધૂમ્રપાન જેવી આદતથી ઘેરાયેલું આપણું યુવાધન ચારિત્ર અને કારકિર્દીને કોરણે મૂકી ધ્યેય વિહીન જીંદગી સાથે સમાજ પરનો બોજ બનીને જીવે છે ત્યારે સરકાર તેમજ સુજ્ઞ સમાજની ફરજ છે કે આમાંથી કંઈક માર્ગ કઢાય.

ગાંધીબાપુનું ગુજરાત સમગ્ર દેશમાં ગૌરવ સ્થાને રહી દારૂબંધીના અમલને આર્થિક નુકસાન વેઠીને પણ વળગી રહ્યું છે અને એટલે જ રાષ્ટ્ર માટે વિકાસનું ગ્રોથ એન્જીન છે.

જાણીને ગર્વ થાય છે કે રાજ્યનું નશાબંધી અને આબકારી ખાતું ગાંધી જયંતિના દિનથી તા. ૦૮.૧૦.૨૦૧૫ સુધી નશાબંધી સપ્તાહ મનાવી રહ્યું છે. કાયદાથી ન અટકતું આ દુષણ લોક જાગૃતિને અજવાળે અને સ્વયં સંકલ્પને સથવારે રાજ્યના વ્યસનીઓને નશામુક્ત કરવામાં સહાયરૂપ બને તેવી શુભકામના સાથે હું નશાબંધી અને આબકારી વિભાગને મારી શુભેચ્છા અને અભિનંદન પાઠવું છું.

**(આનંદીબેન પટેલ)**
**(મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય)**

નશાબંધી અને આબકારી ખાતું તા. ૨-૧૦-૨૦૧૫ થી તા. ૮-૧૦-૨૦૧૫ દરમ્યાન નશાબંધી સપ્તાહની ઉજવણી કરી રહ્યું છે.

નશામુક્ત આદર્શ સમાજ રચવા ગુજરાત રાજ્યમાં નશાબંધીનો કડકપણે અમલ થઈ રહ્યો છે. દારુની બદી સામે જાગૃતિ લાવવા સરકારશ્રી દ્વારા નશાબંધી માટે વિવિધ કાર્યક્રમો તેમજ વ્યસન મુક્તિ માટે હોસ્પિટલોમાં નિઃશુલ્ક સારવાર આપી, ફક્ત કાયદાથી જ નશાબંધી નહીં, પણ સ્વયં સંકલ્પ દ્વારા પણ નશો ન કરવા પ્રેરણા પૂરી પાડવામાં આવી રહી છે.

નશાનું દૂષણ વ્યક્તિને આર્થિક તેમજ શારીરિક રીતે બરબાદ કરવા ઉપરાંત સામાજિક વ્યવસ્થાને પણ ગંભીર હાનિ પહોંચાડે છે. નશાના આ વ્યસનની વિઘાતક અસરોથી સમાજને દૂર રાખવાના રાજ્ય સરકારના પ્રયત્નો દ્વારા સાચા અર્થમાં લોકહિતાર્થનું એક કામ થઈ રહ્યું છે.

એક નશામુક્ત આદર્શ સમાજ રચવાના પૂજ્ય મહાત્મા ગાંધીજીના સ્વપ્નને સાકાર કરવા આપણે સૌ પણ આ પ્રયત્નોમાં સામેલ થઈ નશામુક્ત અને સ્વસ્થ સુદ્રઢ સમાજ અને રાષ્ટ્રનું નિર્માણ કરીએ.

**જય જય ગરવી ગુજરાત.**

**(રજની પટેલ)**
**(ગૃહ રાજ્યમંત્રી, ગુજરાત રાજ્ય)**